**ચાણસ્માના મે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મું.ચાણસ્મા – જી. પાટણ.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૫૦૦/૨૦૧૮ |
| આંક | |
| ગુનો | ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એકટની– ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબ. |
| ફરીયાદી | જય અંબે સિમેન્ટ પ્રોડકટસ ચાણસ્મા નામની પેઢીના માલીક પટેલ રાગીણીબેન દિનેશચંદ્રના કુલમુખત્યાર પટેલ દિનેશચંદ્ર ચંદુલાલ ઉ.વ.આ. ૫૦, ધંધો- વેપાર, રહેવાસી :- ચાણસ્મા ઠે.હીરાણી સોસાયટી, તા.ચાણસ્મા જી. પાટણ. |
| ફરીયાદી તરફે વિ.વ..શ્રી | એમ.વી.પટેલ. |
| આરોપી | સીન્ધી વલીભાઈ ઈસ્માઈલભાઈ, ઉ.વ.આ.પુખ્ત, ધંધો- વેપાર, રહેવાસી :-- પોયડા, તા.બેચરાજી જી.મહેસાણા. |
| આરોપી તરફે વિ.વ.શ્રી. | જી.જી.ઠાકોર. |

| | |
|---|---|
| ફરીયાદ દાખલ કર્યા તારીખ | ૩૧/૦૮/૨૦૧૮ |
| આરોપીના જવાબની તારીખ | ૧૭/૦૧/૨૦૧૯ |

| | |
|---|---|
| પુરાવો શરૂ થયા તારીખ | ૦૭/૦૩/૨૦૧૯ |
| હુકમ માટે રાખ્યાની તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| સજા કર્યાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |

## -: આરોપીની માહીતી :-

| આરોપી નંબર | આરોપીનું નામ | આરોપી સામે ગુનો | નિર્દોષ ઠરાવ્યા કે તકસીરવાન | સજા | ફો.કા.સંહિતા ની કલમ - ૪૨૮ પ્રમાણે જેલમાં ગાળેલ સમયગાળો |
|---|---|---|---|---|---|
| ૦૧ | સીન્ધી વલીભાઈ ઈસ્માઈલભાઈ | ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એકટની ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબ. | તકસીરવાન | એક વર્ષની સાદી કેદની સજા અને રૂા. ૬૩,૨૫૦/- (અંકે રૂપિયા ત્રેસઠ હજાર બસો પચાસ પુરા) વળતર | - |

## ફરીયાદપક્ષ/ બચાવપક્ષ/અદાલતના સાહેદોની યાદી :-

અ. ફરિયાદપક્ષના સાહેદો :-

| સાહેદ નંબર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૦૧ | પટેલ દિનેશચંદ્ર ચંદુલાલ | ફરીયાદી |

## ફરીયાદપક્ષ/ બચાવપક્ષ/ અદાલતના આંકની યાદી :-

**અ. ફરિયાદપક્ષ :-**

| ક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૧ | ૨૫ | પટેલ દિનેશચંદ્ર ચંદુલાલનું સરતપાસનું સોગંદનામું. |
| ૨ | ૨૮ | ફરીયાદી કુલમુખત્યારનામાની સર્ટી.. |
| ૩ | ૨૯ | ચેક ભર્યાની સ્લીપ. |
| ૪ | ૩૦ | આરોપીએ ફરીયાદીને આપેલ ચેક. |
| ૫ | ૩૧ | રીટર્નમેમો. |
| ૬ | ૩૨ | ચેક પરત થયાની જાણ કરતો પત્ર |
| ૭ | ૩૩ | નોટીસની સ્થળપ્રત. |
| ૮ | ૩૪ | આરોપીને આપેલ સિમેન્ટ બ્લોક પાવતી |
| ૯ | ૩૫ | આરોપીને આપેલ સિમેન્ટ બ્લોક પાવતી |
| ૧૦ | ૩૬ | આરોપીને આપેલ સિમેન્ટ બ્લોક પાવતી |
| ૧૧ | ૩૭ | આરોપીને આપેલ સિમેન્ટ બ્લોક પાવતી |
| ૧૨ | ૩૮ | આરોપીને નોટીસ આપેલ તેના પોસ્ટના ખર્ચની પાવતી |
| ૧૩ | ૩૯ | આરોપીને નોટીસ બજેલ તેની ઓનલાઈન રસીદ |
| ૧૪ | ૪૦ | આરોપીને હાજર થવા ફરમાવવાનું જાહેરનામું (કલમ-૮૨) |
| ૧૫ | ૪૧ | જાહેર નોટીસનું બીલ |

## ફરીયાદપક્ષ/ બચાવપક્ષ/અદાલતના સાહેદોની યાદી :-

બ. બચાવપક્ષના સાહેદો :-

| સાહેદ નંબર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

| | | |
|---|---|---|
| – | – | – |

## ફરીયાદપક્ષ/ બચાવપક્ષ/અદાલતના આંકની યાદી :-

બ. બચાવપક્ષના :-

| ક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| – | – | – |

## :-- ચુકાદો :--

**(૧).** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના અંગે દાખલ કરી ફરીયાદમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદી જયઅંબે સિમેન્ટ પ્રોડકટસ ચાણસ્મા નામની પેઢીના માલીક પટેલ રાગીણીબેન દિનેશચંદ્રના કુલ મુખત્યાર છે. અને ચાણસ્મા મુકામે જય અંબે સિમેન્ટ પ્રોડકટસ નામથી સિમેન્ટના બ્લોકનુ ઉત્પાદન તથા વેચાણ કરવાનો વ્યવસાય કરે છે. આરોપી પોયડા તા. બેચરાજી જિ. મહેસાણાના વતની છે આરોપીએ તારીખ ૨૮/૬/૨૦૧૮ થી તારીખ ૧૬/૭/૨૦૧૮ ના સમય દરમ્યાન કુલ ૧૬૦૦ નંગ બ્લોક તથા ૩૭૮૦ નંગ રબ્બર બ્લોક એમ કુલ રૂા. ૭૭૦૦૦/- અંકે રૂપિયા સીતોતેર હજાર પુરાનો માલ ખરીદ કરેલો. જેના નાણાં ફરીયાદીને આરોપી પાસેથી લેવાના નીકળતા હતા. ફરીયાદીએ આરોપી પાસે વારંવાર ઉઘરાણી કરતાં આરોપીએ તેઓની લેણી રકમ પેટે રૂા. ૫૭,૫૦૦/- અંકે રૂપિયા સત્તાવન હજાર પાંચસો પુરાનો તારીખ ૭/૭/૨૦૧૮ ના રોજનો ધી કો. ઓપરેટીવ બેંક લી.મહેસાણા શાખાનો ચેક નંબર-૦૬૫૧૫૮ નો તેમના ખાતાનો આરોપીએ સહી કરી ફરીયાદીને ચેક લખી આપેલો અને આરોપીએ કહેલ કે, “સદર ચેક બેંકમાં ભરશો તો તમોને તમારાં લેણાં નાણાં મળી જશે.” ફરીયાદીએ આરોપીના જણાવ્યા મુજબ તારીખ ૨૦/૭/૨૦૧૮ ના રોજ આરોપીએ આપેલ સદર ચેક કલીયરીંગ સારૂ ધી મહેસાણા અર્બન કો ઓ બેંક લી. ચાણસ્મા શાખામાં ભરતાં સદર ચેક આરોપીના ખાતામાં સ્વીકરાયા વગર રીટર્ન મેમાના કારણ નંબર- ૯૯ "ફંડસ ઈન સફીશીયન્ટ" ના શેરા સાથે તારીખ ૨૪/૭/૨૦૧૮ ના રોજ પરત આવેલો જેની જાણ ઘી મહેસાણા

અર્બન કો ઓ બેંક લી. ચાણસ્મા શાખાએ તારીખ ૨૪/૭/૨૦૧૮ ના રોજના પત્રથી કરેલી. આરોપી તેમના ખાતામાં પુરતુ ભંડોળ નહી હોવાનુ જાણતા હોવા છતાં પણ તેઓને લેણી રકમ પેટે ચેક આપેલ જે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે સ્વીકરાયા વગર પરત આવેલ હોઈ આરોપીએ ફરીયાદી સાથે છેતરપીડી અને ઠગાઈ તથા ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલો હોઈ આરોપીને કાયદેસર મુદત અંદર ચેકની રકમ વસુલ આપી જવા સારૂ સુચના આપતી નોટીસ તારીખ ૭/૮/૨૦૧૮ ના રોજ રજીસ્ટર પોસ્ટ એડીથી આપેલી જે નોટીસ આરોપીને તારીખ ૯/૮/૨૦૧૮ ના રોજ બજી ગયેલ છે.

આમ, આરોપીને નોટીસની જાણ થઈ ગયેલ હોવા છતાં આરોપીએ તેઓની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે આજદીન સુધી ચેકની લેણી રકમ રૂા. ૫૭,૫૦૦/- અંકે રૂપિયા સત્તાવન હજાર પાંચસો પુરા વસુલ આપેલ ન હોઈ આરોપી વિરૂધ્ધ મુદત અંદર હાલની આ ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીની ઉપરોકત ફરીયાદ અરજ નિગાહમાં લઈ આરોપી વિરૂધ્ધની તેઓની ફરીયાદ દાખલ કરી કામ ચલાવી આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા તથા દંડ કરી આરોપી પાસેથી ફરીયાદીની લેણી રકમ રૂા. ૫૭,૫૦૦/- અંકે રૂપિયા સત્તાવન હજાર પાંચસો પુરાનું વળતર અપાવવા હુકમ કરવા દાદ માંગેલ છે.

<u>**કેસની ઈન્સાફી કાર્યવાહીની પ્રક્રિયા :-**</u>

**(૨).** આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, ઉપરોકત ફરીયાદ આધારે મારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રીએ ફરીયાદીનું વેરીફીકેશન લઈ આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેનુ કોગ્નીઝન્સ લઈ સમન્સ ઈસ્યુ કરેલ. જે સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં **આંક-૭ થી આરોપીની પ્લી** લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ ના કરતાં હાલની કાર્યવાહી સમન્સ કેસની કાર્યવાહી તરીકે આગળ ચલાવવામાં આવેલ છે.

<u>**ફરીયાદપક્ષ તેમજ બચાવપક્ષ તરફે રજુ થયેલ પુરાવા :-**</u>

**(૩).** આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબીત કરવા **આંક-૨૫** થી ફરીયાદીએ પોતે જુબાની આપેલ છે તેમજ મથાળે ફોર્મ- સી માં દર્શાવ્યા પ્રમાણેના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. આ કામે ફરીયાદી હાજર રહેતા હોય પરંતુ આરોપી કે વિધ્વાન વકીલશ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ ન કરવામાં આવતા ફરીયાદી ધ્વારા તેમનો ઉલટતપાસનો હકક બંધ કરવા અરજી આપતા હોઈ આ અંગે

એક વખત સાંભળવા મુદ્દત આપેલ હોવા છતાં પણ આરોપી ગેરહાજર હોઈ અને ફરીયાદીની ઉલટતપાસ લેતા ન હોય જેથી આ કામે ફરીયાદીની ઉલટતપાસનો આરોપીનો હકક બંધ કરવામાં આવેલ છે.

**<u>આરોપીનું વિશેષ નિવેદન :-</u>**

**(૪).** સદર કામે આરોપીનું વિશેષ નિવેદન માટે કાર્યવાહી રાખવામાં આવ્યા બાદ, વિશેષ નિવેદન તૈયાર કરી કાર્યવાહીમાં રાખવામાં આવેલ છે. પરંતુ, આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે કોઈ ખુલાસો કરેલ નથી. જેથી, **A.I.R. 2012 Supreme Court 1357 "Ramnaresh & others Vs. State of Chhattisgadh"** ના ચુકાદામાં મહેરબાન સર્વોચ્ચ અદાલતે પેરા-૨૨ માં ઠરાવેલ કે, It is a settled principle of law that the obligation to put material evidence to the accused under Section 313 Cr.P.C. is upon the Court. One of the main objects of recording of a statement under this provision of the Cr.P.C. is to give an opportunity to the accused to explain the circumstances appearing against him as well as to put forward his defence, if the accused so desires. <u>But once he does not avail this opportunity, then consequences in law must follow</u>. Where the accused takes benefit of this opportunity, then his statement made under Section 313 Cr.P.C., in so far as it supports the case of the prosecution, can be used against him for rendering conviction. Even under the latter, he faces the consequences in law.

ત્યારબાદ, ફરિયાદી પક્ષ તરફે વધુ પુરાવો રજૂ કરવો નથી તે બાબતે આંક-૪૨ ની પુરસીસથી જાહેર કરેલ છે. ફરિયાદપક્ષ તફે પુરાવો પૂર્ણ થયા બાદ, આ કામના આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન નોંધવા ઉપર હોવા છતાં, આ કામના આરોપીને અવારનવાર અનેક વાર તકો આપેલ હોવા છતાં ઈરાદાપૂર્વક મુદ્દતે હાજર રહેતા ન હોય જેથી આરોપીના સી.આર.પી.સી. કલમ-૩૧૩ અન્વયે આરોપીના વધારાના નિવેદનો હકક બંધ કરવામાં આવેલ છે.

## <u>દલીલો :-</u>

<u>ફરીયાદ પક્ષે દલીલના મુદ્દા :-</u>

**(૫).** ઉપરોકત ફરીયાદીનો પુરાવો રજુ કર્યા બાદ ફરિયાદ પક્ષે આંક-૪૨ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં પુરાવો બંધ કરવામાં આવેલ છે. આ કામના આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે, બચાવના સાહેદો તપાસેલ નથી. ત્યાર બાદ, આ કામે ફરીયાદી તરફે દલીલો કરવામાં આવેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે ફરિયાદ મુજબ જ દલીલો કરેલ છે અને ફરિયાદીએ હાલના કાયદાની કલમ- ૧૪૫(૨) પ્રમાણે સરતપાસ અંગેનું સોગંદનામું રજુ રાખેલ છે તથા તમામ અસલ દસ્તાવેજો રજુ રાખેલ છે. જેથી ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબીત કરવામાં સફળ નિવડેલ હોય અને આરોપીને વધુમાં વધુ સજા કરવા તથા ફરિયાદીની લેણી રકમની ડબલ રકમનો દંડ કરી તે રકમમાંથી વળતર તરીકે ફરિયાદીને ચુકવવા હુકમ કરવા જણાવેલ છે. આ તબકકે આરોપી/ બચાવપક્ષ ધ્વારા તકો આપેલ હોવા છતાં કોઈ હાજર રહેલ નથી કે પોતાના બચાવમાં કોઈ દલીલો રજુ રાખેલ નથી. જેથી આરોપી/ બચાવપક્ષનો દલીલો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**<u>કેસના ન્યાયિક નિર્ણય માટેના મુદ્દા :-</u>**

**(૬).** આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, ઉભયપક્ષોની રજૂઆતો તથા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ, આ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થાય છે.

**<u>– મુદ્દા –</u>**

(૧). શું ફરીયાદી નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ સમગ્ર રીતે અથવા અંશત:, કોઈપણ કાયદેસરનું દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, પોતે નિભાવતો હોય તેવા ખાતાનો સવાલવાળો **ધી કો-ઓપરેટીવ બેંક ઓફ મહેસાણા લિ., મહેસાણા** શાખાના ચેક **નં.૦૬૫૧૫૮** વાળો ચેક **રૂા. ૫૭,૫૦૦/- (અંકે રૂપિયા સત્તાવન હજાર પાંચસો પુરા)** નો ફરીયાદીને આપેલ અને તે ચેક, નિયત સમયમાં ફરીયાદીએ બેંક સમક્ષ રજુ કરતાં, તે ચેક ચુકવણી કર્યા વિના પરત ફરેલ છે અને તે અંગે ફરીયાદીએ આરોપીને નિયત સમયમાં નોટીસ આપી, સદરહું ચેકની રકમની

માંગણી કરવા છતાં, આરોપી નિયત સમયમાં સદરહું રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તેમ કરી, આરોપીએ ઘી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૨). શું હુકમ ?

(૬.૧). ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં. ૧ - હકારમાં.

(૨) મુદ્દા નં.૨ - આખરી હુકમ મુજબ.

**-// <u>પુરાવાનું મુલ્યાંકન અને નિર્ણય માટેના કારણો</u> //-**

**<u>મુદ્દા નંબર - ૧ અંગે :</u>**

**(૭).** આ કામે પક્ષકારો તર્ફે રજૂ કરવામાં આવેલ પુરાવાઓ તથા કરવામાં આવેલ દલીલોની ચર્ચા કરતા અગાઉ અને આરોપી સામેના આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહીમાં આપવામાં આવેલ કારણોનો ઉલ્લેખ કરતા અગાઉ આ અદાલતના મંતવ્ય મુજબ ફરિયાદીએ તેની ફરિયાદના અનુસંધાનમાં આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે સૌ પ્રથમ નીચે મુજબના તત્વો પુરવાર કરવા જોઈએ.

(૧) સૌ પ્રથમ તો ચેક કોઈપણ પ્રકારના કાયદેસરના દેવા અથવા જવાબદારી માટે લખાયેલો હોવો જોઈએ, તે હકીકત પુરવાર કરવી જોઈએ.

(૨) સદરહુ ચેક લખવામાં આવેલ, ચેક લખાયેલ તારીખથી છ મહિનાની અંદર બેન્ક સમક્ષ રજૂ થયેલાની હકીકત પુરવાર કરવી જોઈએ.

(૩) સદરહુ ચેક પરત ફરતા, ચેક પરત ફર્યાની તારીખથી નિર્ધારિત સમયમર્યાદામાં તે અંગેની જાણ ચેક લખી આપવારને નોટીસ આપી કરવી જોઈએ.

(૪) સદરહુ નોટીસ મળવા છતાં તેનું પાલન થયેલ નથી તે બાબતની ખાત્રી ફરિયાદીએ અદાલતને કરાવવી જોઈએ.

**(૮).** ઉપરોક્ત બાબતો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર છે અને ઉપરોક્ત હકીકતો એટલે કે, "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮" ની કરવામાં આવેલ જોગવાઈઓનુ પાલન પુરવાર થયેથી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ થી કરવામાં આવેલી જોગવાઈ મુજબ જ્યાં સુધી વિરૂદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરિયાદીના લાભમાં અનુમાન કરવામાં આવશે તેમ જણાવેલ છે, તેમ છતાં "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯" થી વિરુદ્ધનો પુરાવો રજૂ કરવાની જવાબદારી તથા " ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮" ના વૈધાનિક અનુમાન (સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશન થી વિરૂદ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર નાખવામાં આવેલી છે. જેથી આરોપી, વિરૂદ્ધનો પુરાવો જ્યાં સુધી રજૂ ન કરે એટલે કે ખંડનાત્મક પુરાવો રજૂ ન કરે ત્યાં સુધી આરોપી વિરુદ્ધનું અનુમાન અદાલતે કરવું જોઈએ તેવી કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ " માં જણાવવામાં આવેલી જોગવાઈઓ મુજબની હકીકતો એટલે કે, ચેક કાયદેસરનો લેણા અથવા જવાબદારી પેટે લખાયેલ છે તથા તે ચેક ખાતામાં પૂરતું ભંડોળ ન હોવાના કારણે પરત ફરેલ છે તે તથા ચેક પરત ફર્યા બાદ નોટીસ આપવામાં આવેલી છે અને તે નોટીસ આરોપીને મળી ગયેલ છે તે બાબતનો પુરાવો અદાલતના રેકર્ડ ઉપર રજૂ કરવાની જવાબદારી ફરિયાદીની છે, અને ફરિયાદી જ્યાં સુધી ઉપર મુજબની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી આ અદાલત "ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯" થી કરવામાં આવેલ જોગવાઈ મુજબની ફરિયાદીની તરફેણમાં એટલે કે, ચેકની ધારણા માટેની તરફેણમાં અનુમાન કરી ના શકે અને જો ફરિયાદી એવુ ઈચ્છતા હોય કે આ અદાલત ફરિયાદીની તરફેણમાં "ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯" મુજબનુ અનુમાન કરે તો ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮" માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની હકીકતો પુરવાર કરવી જોઈએ.

**(૯).** ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને રાખીને આ કામે આંક-૨૫ થી હાલના ફરીયાદી પટેલ દિનેશચંદ્ર ચંદુલાલનું સોગંદનામું રજુ કરેલ છે અને ફરીયાદની હકીકત અને ફરીયાદ પક્ષે રજુ **આંક-૨૮ થી આંક-૪૧** મુજબના દસ્તાવેજી પુરાવાઓને પોતાના અદાલત રૂબરૂના સોગંદ ઉપરના પુરાવામાં સંપૂર્ણપણે સમર્થન આપેલ છે. જે તમામ દસ્તાવેજો જોતાં હાલના આરોપીએ ફરીયાદી પાસેથી નાંણા લીધેલાનું જણાય છે. જેનું આરોપી તરફે કોઈ ખંડન કરવામાં આવેલ નથી. અસલ ચેક રજુ રાખેલ છે જેમાં આરોપીની સહી છે. જે સહી અંગેની પણ કોઈ તકરાર લીધેલ નથી અને વાદગ્રસ્ત ચેક બેંકમાં પણ પાસ થયેલ છે.

**(૧૦).** જેથી હાલના તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના **ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ. ગુજરાત રાજ્ય " (૨૦૦૬(૧) જી.એલ.આર.)** નો ચુકાદો જોતા નામદાર ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જ્યારે ચેકમાંની સહી આરોપીની હોવાનું પુરવાર થાય ત્યારે અદાલતોએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ- ૧૩૯ અન્વયેનું અનુમાન કરવાનું રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **" કે.એન.બીના વિ. મુનીયપ્પન" (૨૦૦૧ કિ.લો.જ. ૧૭૪૫)** ના કેસમાં તથા નામદાર ગુજરાત વડી અદાલતે " **હીતેનભાઈ પારેખ પ્રોપરાઈટર- પારેખ એન્ટરપ્રાઈઝ વિ.ગુજરાત રાજ્ય અને બીજાઓ " (૨૦૦૯(૩) જી.એલ.એચ. ૭૭૨)** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત ધ્યાને લેવામાં આવે તો સરદહું કાયદાની કલમ-૧૩૯ હેઠળની જોગવાઈ મુજબ જ્યાં સુધી વિરુધ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણકર્તાને આવો ચેકો કોઈ દેવુ અથવા અન્ય જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવું અદાલતે અનુમાન કરવાનું જ રહે છે.

**(૧૧).** હાલના કેસમાં **આંક-૩૦** વાળા તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનું પુરવાર થતુ હોય **આંક-૩૦** વાળા તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા/ જવારદારી પેટે ફરીયાદીને આપેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે એટલે કે, તકરારી ચેક ફરીયાદીના કાયદેસર રીતે વસુલ કરી શકાય તેવા કાયદેસરના લેણાની ચુકવણી પેટે આરોપી ધ્વારા આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે.

**(૧૨).** આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતી વેળાએ **"K Prakashan Vs P.K. Surendran 2008(1) SC P 258"** માં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત ધ્યાને લેવાનું જરૂરી છે. જે મુજબ " ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯" અન્વયેનુ અનુમાન ફરિયાદીના લાભમાં કરવા માટે સૌ પ્રથમ ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ માં કરવામાં આવેલી જોગવાઈ મુજબના તત્વો પુરવાર કરવા જરૂરી છે અને આ સાબીતીનો બોજો સૌ પ્રથમ ફરિયાદ પક્ષ ઉપર છે તે મહત્વનો સિદ્ધાંત ધ્યાને રાખી પડેલ પુરાવાઓનુ મૂલ્યાંકન કરતા સમયે અદાલતે એ હકીકત ધ્યાને લેવાની છે કે, ઉપરોક્ત અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી અને બોજો આરોપી ઉપર છે અને તે માટે આરોપીએ પુરાવો રજૂ કરવો પડે અને ફરિયાદીની ઉલટ તપાસ દરમિયાન અનુમાનોનુ ખંડન થાય છે. તેવી શક્યતા અને સંભાવના ઉભી કરવી પડે અથવા ફરિયાદીએ જે પુરાવા રજૂ કર્યા છે તેનો આધાર રાખી એવી હકીકત સાબિત કરવી પડે પરંતુ આ કામે આરોપીએ પોતાના બચાવમાં આવી કોઈ હકીકતો રેકર્ડ પર લાવી શકેલા નથી. આરોપી પક્ષે કોઈ ખંડનાત્મક પુરાવો રજૂ

કરેલ નથી, જે જોતાં પણ હાલનો ચેક આરોપીએ કોઈ કાયદેસરની જવાબદારી અદા કરવા આપેલ ન હોવાનુ કે તેમાં આ કામના આરોપીની સહી ન હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલા છે.

**(૧૩).** આમ, અદાલતના રેકર્ડ ઉપર આવેલ ઉપરોક્ત પુરાવાઓ વંચાણે લઈ આ કામના ફરિયાદીનુ આરોપી પાસેનુ લેણુ કાયદેસરનુ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે તેમજ, " ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮" મુજબ આ કામના આરોપીએ પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવાના હેતુસર ફરિયાદીને **આંક-૩૦** વાળો ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે અને ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ માં કરવામાં આવેલી સાબિતીના બોજાની જોગવાઈ અન્વયે પુરાવો આપી "ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ની જરૂરિયાતો સંતોષેલ હોવાનું અને તે અન્વયે "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૯ " મુજબ ફરિયાદીના લાભમાં ફરિયાદવાળા ચેક બાબતે અનુમાન કરવાનું આવશ્યક અને જરૂરી હોવાનું આ અદાલતનું માનવું છે.

**(૧૪).** હવે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮(એ) (બી) તથા (સી) થી કરવામાં આવેલી જોગવાઈ કે જે સંપૂર્ણપણે આદેશાત્મક સ્વરૂપની જોગવાઈઓ છે તે પૈકી ફરિયાદીનું આરોપી પાસેનું લેણુ કાયદેસરનું હોવાનુ પુરવાર થતુ હોઈ અને આરોપીએ ફરિયાદીને આપેલ ચેક ખાતુ પેમેન્ટ પુરતું ન હોવાને કારણે પરત આવેલ હોઈ તે પરત આપેલ ચેક બાબતે ફરિયાદીએ આરોપીને નિર્ધારિત સમર્સે મર્યાદામાં નોટીસ આપેલ છે કે કેમ ? તે સંદર્ભે રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ પૈકી સૌ પ્રથમ **આંક-૩૦** થી રજુ થયેલ ચેક વંચાણે લેતાં તે તારીખ **૦૭/૦૭/૨૦૧૮** ના રોજના હોવાનુ અને તે ક્લીયરીંગના હેતુસર ફરિયાદીએ પોતાના બેંકના ખાતામાં જમા કરાવેલ હોવાનું અને તે **આંક-૩૧** ના ચેક રીર્ટન મેમા અન્વયે **" અપુરતું નાંણા ભંડોળ '** એટલે કે, આરોપીએ ચેકનું ખાતામાં પેમેન્ટ પુરતું ન હોવાના કારણે તારીખ **૨૪/૦૭/૨૦૧૮** ના રોજ રીર્ટન મેમા સાથે પરત આવેલ હોવાનું જણાઈ આવે છે, જે બાબતે આ કામે ફરિયાદી દ્વારા **આંક-૩૩** થી આરોપીને કાનૂની નોટીસ પણ મોકલેલી હોવાનું જાણી શકાય છે તથા આરોપીને આપેલ **નોટીસ આપેલ તેના પોસ્ટના ખર્ચની પાવતી આંક-૩૮** થી રજૂ થયેલ છે. જે **આંક-૩૩ વાળી નોટીસ વંચાણે** લેતાં તે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈઓ સ્વરૂપની નોટીસ હોવાનું અને તે ચેક પરત થયા બાદથી એક માસની અંદર તે નોટીસ આપેલ હોવાનું જણાઈ આવે છે. આ કામે **આંક-૩૯** થી આરોપીને મોકલેલ **કાનૂની નોટીસ બજી ગયેલ તેની ઓનલાઈન રસીદ** રજૂ થયેલ છે. જે વંચાણે લેતાં તેમાં જે સરનામું દર્શાવેલ છે તે જ સરનામુ ફરિયાદના કોઝ ટાઈટલમાં દર્શાવેલ હોવાનું અને તે જ સરનામે આરોપીને અદાલતના પ્રોસેસની બજવણી કરેલ હોવાનું જણાઈ આવે છે. આમ, ઉપરોક્ત તમામ

હકીકતો ધ્યાને લેતાં આરોપીને આપેલ નોટીસની જાણ થયેલ હોવાનુ આ અદાલતનુ માનવુ છે. આમ, આ કામના આરોપીને નોટીસની જાણ થયેલ હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવતુ હોઈ આદેશાત્મક જોગવાઈઓનુ પાલન થતુ હોવાનુ રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

**(૧૫).** વધુમાં, ફરીયાદપક્ષ ધ્વારા સદર કામે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો સદર કામે ફરીયાદીએ એવું કથન કરેલ છે કે, ફરીયાદી જયઅંબે સિમેન્ટ પ્રોડકટસ ચાણસ્મા નામની પેઢીના માલીક પટેલ રાગીણીબેન દિનેશચંદ્રના કુલ મુખત્યાર છે. અને ચાણસ્મા મુકામે જય અંબે સિમેન્ટ પ્રોડકટસ નામથી સિમેન્ટના બ્લોકનુ ઉત્પાદન તથા વેચાણ કરવાનો વ્યવસાય કરે છે. આરોપી પોયડા તા. બેચરાજી જિ. મહેસાણાના વતની છે આરોપીએ તારીખ ૨૮/૬/૨૦૧૮ થી તારીખ ૧૬/૭/૨૦૧૮ ના સમય દરમ્યાન કુલ ૧૬૦૦ નંગ બ્લોક તથા ૩૭૮૦ નંગ રબ્બર બ્લોક એમ કુલ રૂા. ૭૭૦૦૦/- અંકે રૂપિયા સીતોતેર હજાર પુરાનો માલ ખરીદ કરેલો. જેના નાણાં ફરીયાદીને આરોપી પાસેથી લેવાના નીકળતા હતા. ફરીયાદીએ આરોપી પાસે વારંવાર ઉઘરાણી કરતાં આરોપીએ તેઓની લેણી રકમ પેટે રૂા. ૫૭,૫૦૦/- અંકે રૂપિયા સત્તાવન હજાર પાંચસો પુરાનો તારીખ ૭/૭/૨૦૧૮ ના રોજનો ધી કો. ઓપરેટીવ બેંક લી.મહેસાણા શાખાનો ચેક નંબર-૦૬૫૧૫૮ નો તેમના ખાતાનો આરોપીએ સહી કરી ફરીયાદીને ચેક લખી આપેલો અને આરોપીએ કહેલ કે, “સદર ચેક બેંકમાં ભરશો તો તમોને તમારાં લેણાં નાણાં મળી જશે.” ફરીયાદીએ આરોપીના જણાવ્યા મુજબ તારીખ ૨૦/૭/૨૦૧૮ ના રોજ આરોપીએ આપેલ સદર ચેક કલીયરીંગ સારૂ ઘી મહેસાણા અર્બન કો ઓ બેંક લી. ચાણસ્મા શાખામાં ભરતાં સદર ચેક આરોપીના ખાતામાં સ્વીકરાયા વગર રીટર્ન મેમાના કારણ નંબર- ૯૯ "ફંડસ ઈન સફીશીયન્ટ" ના શેરા સાથે તારીખ ૨૪/૭/૨૦૧૮ ના રોજ પરત આવેલો જેની જાણ ઘી મહેસાણા અર્બન કો ઓ બેંક લી. ચાણસ્મા શાખાએ તારીખ ૨૪/૭/૨૦૧૮ ના રોજના પત્રથી કરેલી. આરોપી તેમના ખાતામાં પુરતુ ભંડોળ નહી હોવાનુ જાણતા હોવા છતાં પણ તેઓને લેણી રકમ પેટે ચેક આપેલ જે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે સ્વીકરાયા વગર પરત આવેલ હોઈ આરોપીએ ફરીયાદી સાથે છેતરપીડી અને ઠગાઈ તથા ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલો હોઈ આરોપીને કાયદેસર મુદત અંદર ચેકની રકમ વસુલ આપી જવા સારૂ સુચના આપતી નોટીસ તારીખ ૭/૮/૨૦૧૮ ના રોજ રજીસ્ટર પોસ્ટ એડીથી આપેલી જે નોટીસ આરોપીને તારીખ ૯/૮/૨૦૧૮ ના રોજ બજી ગયેલ છે.

આમ, આરોપીને નોટીસની જાણ થઈ ગયેલ હોવા છતાં આરોપીએ તેઓની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે આજદીન સુધી ચેકની લેણી રકમ રૂા. ૫૭,૫૦૦/- અંકે રૂપિયા સત્તાવન હજાર પાંચસો પુરા વસુલ આપેલ ન હોઈ આરોપી વિરૂધ્ધ મુદત અંદર હાલની આ ફરીયાદ દાખલ કરેલ છે.

**(૧૬).** હવે, ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ માં કરવામાં આવેલી જોગવાઈઓ મુજબ આરોપીને નોટીસ પ્રાપ્ત થયા બાદથી ૧૫ દિવસની સમય મર્યાદામાં આરોપીએ નોટીસની સૂચનાનું પાલન કરવાનું હોય છે અને ૧૫ દિવસની કાયદેસરની સમય મર્યાદામાં આરોપી નોટીસનું પાલન ન કરે તો ત્યારબાદથી એક માસમાં ફરિયાદ દાખલ કરવાની થાય છે, **આંક-૩૯** થી રજુ થયેલ દસ્તાવેજ કે **જે નોટીસ બજેલ તેની ઓનલાઈન રસીદ** છે તે મુજબ તારીખ **૦૯/૦૮/૨૦૧૮** ના રોજ બજેલ હોવાનું જણાઈ આવે છે. આમ, હાલની ફરિયાદ કાયદેસર રીતે દાખલ થયેલ હોવાનુ અને તે ઉપર અદાલત દ્વારા કોગ્નીઝન્સ લેવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં આરોપીએ નોટીસ બજેલ નથી તેમ સાબિત કરેલ નથી, કોઈ પુરાવો રજૂ કરેલ નથી અને આરોપીને અદાલતનો સમન્સ મળ્યા બાદ ફરિયાદીને રકમ આપવા માટે આરોપીએ કોઈ તજવીજ કરેલ નથી. જેથી આરોપી વિરુદ્ધનું અનુમાન કરી શકાય. તેમજ, **આંક-૩૩** વાળી નોટીસ આરોપીને મળ્યા બાદ આરોપીએ ફરિયાદીને લેણી નીકળતી રકમ ચૂકવી આપેલ ન હોવાથી અને ફરિયાદીએ ખોટી હકીકતો આધારે હાલની ફરિયાદ કરેલાનું જણાવેલ છે. આમ, તમામ હકીકતો વંચાણે લેતાં આ કામના ફરિયાદીએ **આંક-૩૦** વાળો ચેક પરત ફર્યા બદલની આરોપીને અપાવેલ નોટીસ યોગ્ય અને કાયદેસર રીતે બજવણી થયેલ હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવતુ હોઈ, હાલની ફરિયાદ દાખલ કરતા અગાઉ આ કામના ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ માં જણાવ્યા મુજબના તમામ આવશ્યક બાબતો પરિપૂર્ણ કરેલ હોવાનું જણાઈ આવે છે.

**<u>કાનૂની જોગવાઈ અને સ્થાપિત સિંધ્ધાત :-</u>**

**(૧૭).** વધુમાં, આ રીતે કરવામાં આવતા કાયદાકીય અનુમાનોનું કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી, સદરહું ચેક લખનારના શીરે રહે છે અને આરોપી દ્વારા માત્ર તે હકીકતોનો ઈન્કાર કરી દેવા માત્રથી જવાબદારીનો તે બોજો ફરિયાદી ઉપર ખસી જતો નથી. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો **"Hiten P. Dalal v. Bratindranath Banerjee" AIR 2001** SUPREME COURT 3897 ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે Section 139 provides that "it shall be presumed,, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for

the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability.. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn,, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established.. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that The prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact. (Paras 20, 21) The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and

cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted.

**(૧૮).** વધુમાં કેસના સંજોગો જોવામાં આવે તો, આરોપીએ પોતે સહી કરીને ચેક આપેલો છે. ચેકમાં સહી હોવાનો ઈન્કાર કરેલ નથી. તેમજ આ ચેક તેઓએ ફરિયાદી સિવાય બીજા કોઈને આપેલો હોય તેવો બચાવ લેતા હોય તો તે બચાવ આરોપીપક્ષે પુરવાર કરવો જોઈએ. જો પુરવાર ન થાય તો આરોપીની વિરુદ્ધમાં અનુમાન કરવાનું રહે છે.

ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૬ મુજબ આ હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર છે. આ ફરિયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીને કઈ તારીખે, કેટલી રકમનો, કયા વ્યવહાર પેટે અને કેવા સંજોગોમાં આપેલો હતો તે બાબતે કોઈ જ રજૂઆત કરવામાં આવેલ નથી કે આ બાબતે તેમના સમર્થનમાં કોઈ સાહેદોનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં આરોપીએ તેઓને મળેલ નોટીસનો જવાબ રજૂ કરીને આવો કોઈ જ બચાવ લીધેલ નથી કે કોઈ તકરાર લીધેલ નથી. આમ આરોપીએ ફરિયાદવાળો ચેક આ કામના ફરિયાદીને તેમનું કાયદેસરનું લેણું ચુકવી આપવા પેટે આપેલ હોવાનું અનુમાન થઈ શકે તેમ છે.

આ સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટે તેમના **"Rangappa v. Sri Mohan"** તેના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, "Once the cheque relates to the account of the accused and he accepts and admits the signatures on the said cheque, then initial presumption as contemplated under Section 139 of the

Negotiable Instruments Act has to be raised by the Court in favour of the complainant."

આમ આરોપીએ ચેકમાં તેમની સહી ન હોવાનો કોઈ ઈન્કાર કરેલ નથી તેથી આવો ચેક કાયદેસરના દેવા ચુકવવા પેટે આપેલ છે તેવું ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ - ૧૩૯ માં જણાવેલ મુજબ અનુમાન કરવાનું રહે છે. તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટનો " પટેલ જયંતિભાઈ મફતલાલ વિ. ગુજરાત રાજ્ય" નો ચુકાદો, જેમાં પેરા નં. ૪૬.૧** ધ્યાને લેતાં, "With no reply to the notice of demand initially and in absence of any complaint to the police or otherwise in connection with his version that the impugned cheque having been stolen from his brother, the respondent no.2 cannot be said to have discharged his burden as of him by the law.

**વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ડી. કે. ચડેલ વિરુધ્ધ મેસર્સ વોકહાર્ટ લી.**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે એકાઉન્ટ્સ કે કેશબુક એ સિવિલ કોર્ટોમાં લાગુ પડતો પુરાવો છે નહિ કે ક્રિમીનલ કોર્ટોમાં અને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ના અનુસંધાને ચેક રીટર્નના કેસોમાં કાયદામાં આપવામાં આવેલ અનુમાનો ચેકના ધારણકર્તાની તરફેણમાં હોઈ જેથી આ પ્રકારના કેસોમાં લાગુ પડતો પુરાવો નથી.

**વધુમાં, નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા એસ. પી. મણી વિરુધ્ધ સ્નેહલત્તાના** કેસમાં (Vicarious Liability) A person who signs the cheque or who has the authority to sign the cheque for and on behalf of the company, regardless of his office or capacity, can, prima facie, be assumed to be in charge of and responsible to the company in the conduct of its business.

In the proceedings of the cheque dishonour, it is essential for the person to whom statutory notice is issued under section 138 of The Negotiable Instruments Act to give an appropriate reply.

વધુમાં, નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પી. રસીયા વિરુધ્ધ અબ્દુલ નાઝર એન્ડ એ.એન.આર. ના કેસમાં ઠરાવેલ છે કે,

The Supreme Court recently held that in a cheque-bounce case under section 138 of the negotiable instruments act (NI Act). The complainant is not required to spell out in the complaint. The nature of transaction or source of funds since the onus is on the accused to prove that the cheque was issued not towards a debt or liability.

આમ, સદરહું ચુકાદાઓને ધ્યાને લેતા બચાવપક્ષે ફરિયાદી તરફથી તેઓને જે લીગલી નોટીસ પાઠવવામાં આવેલ છે તેનો કોઈ પ્રત્યુતર આપેલ નથી. જેથી સદર કાયદામાં જણાવ્યા પ્રમાણે "UNLESS THE CONTRARY IS PROVED " (જયાં સુધી વિપરીત સાબીત ન થાય ) એવી કોઈ વિરુધ્ધની હકીકત રેકર્ડ પર આવતી નથી જેથી કલમ- ૧૩૯ માં જણાવ્યા પ્રમાણે તમામ અનુમાનો ફરીયાદીના તરફેણમાં કરવાના જ રહે છે.

**(૧૯).** આમ, અદાલતના રેકર્ડ પર આવેલ તમામ પુરાવોઓ વંચાણે લેતાં ફરિયાદવાળા ગુનાના કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮(એ) (બી) તથા (સી) માં કરવામાં આવેલી આદેશાત્મક જોગવાઈઓ પરીપૂર્ણ કરવામાં સફળતા મેળવેલ હોવાનુ અને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૯ મુજબ કાયદાકીય અનુમાન કે જે ખંડનાત્મક પુરાવાને આધિન છે તે આ કામના ફરિયાદીની તરફેણમાં હોવાનું પુરવાર થાય છે. આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ પુરાવાઓનુ ખંડન કરેલ નથી. જેથી આ કામના આરોપીએ ફરિયાદીના તેના કાયદેસરના બાકી નીકળતા લેણાંની ચુકવણીના હેતુસર જ **આંક- ૩૦** વાળો ચેક ફરિયાદીને લખી આપેલ હોવાનુ નિઃશંકપણે પુરવાર થાય છે, તેમજ આરોપીએ ફરિયાદીને લખી આપેલ ચેક કલીયરીંગ માટે જમા કરાવતા **આંક-૩૧** વાળા રીર્ટન મેમોથી **અપુરતા નાંણા ભંડોળ** હોવાના શેરા સાથે પરત આવતા તે બદલની **આંક-૩૩** વાળી નોટીસ આરોપીને મળવા છતાં તેનુ પાલન આરોપીએ કરેલ ન હોવાનું પણ રેકર્ડ ઉપરથી પુરવાર થતુ હોઈ આ કામના ફરિયાદી આરોપી સામેનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે તેમ ઠરાવી નિર્માણ કરવામાં આવેલ મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપી આ કામના આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ શિક્ષાનેપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨૦).** હવે, આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે તેને સજા અંગે સાંભળવામાં આવતા હોય પરંતુ તે અંગેના પ્રબંધ ક્રિમીનલ પ્રોસીડીંગ કોડની કલમ- ૨૪૮(૨) અને ૨૩૫(૨)માં કરવામાં આવતા હોય છે, જયારે મારી સમક્ષના કેસના કાર્યવાહી એક્ટની કલમ-૧૪૩(૧) અન્વયે ક્રિમીનલ પ્રોસીડીંગ કોડની

કલમ-૨૬૨ થી ૨૬૫ અન્વયે સમન્સ કેસની કાર્યવાહી અનુસરેલ છે જેથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૬૨ થી ૨૬૫ અન્વયે જે કલમ-૩૨૫, ૩૬૦ મુજબ કાર્યવાહી કરવાની હોય ત્યારે કાનૂન અનુસાર સજા કરવાની હોય છે જેથી કલમ- ૨૫૫(૨)માં આરોપીને સજા અંગે સાંભળવાની જોગવાઈ કરવામાં આવેલ નથી, જેથી આરોપીને સજા અંગે સાંભળવાની જરૂરિયાત રહેતી નથી પરંતુ આરોપીને સારી વર્તણૂંકના અજમાયશ કે ઠપકો આપીને મુકત કરવાનું યોગ્ય છે કે કેમ ? તે નક્કી કરવાનું રહે છે. સદર એકટમાં સને ૧૯૮૮માં સુધારો કરી પ્રકરણ ૧૭ માં કલમ - ૧૩૮ થી ૧૪૨ ની જોગવાઈ કરેલ છે, ત્યારબાદ સને ૨૦૦૨ માં સદર કાયદામાં સુધારો કરી કાયદાની પકડ મજબૂત કરવામાં આવેલ છે. સદર એકટનો ઉદ્દેશ ઝડપથી બદલાતા વ્યાપારિક અને ધંધાકીય પરિવેશમાં નાણાના આદાન પ્રદાનનો છે. વ્યવહારમાં વિશ્વાસ અને ધંધામાં આસ્થા રહે તે માટેનો છે. જેથી તેનો ગેરલાભ અને ગેરઉપયોગ થતા અટકાવવા માટે પગલા લેવાની અદાલતની ફરજ છે. જેથી ચેકથી થતા વ્યવહારને સુરક્ષિત બનાવી શકાય. વધુમાં, સદર ગુનો ઇકોનોમીક ગુનો હોય આવા ઇકોનોમીક ગુનાઓ પણ અદાલત હળવાશથી લઇ શકે નહિ અને તેવા સંજોગોમાં સદર કામમાં આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ના ગુના સબબ દોષિત ઠરાવવામાં આવે છે.

વધુમાં, **સંદિપ મિત્તલ વિ. પ્રદિપ મીત્તલ ૨૦૦૯(૧) ડી. સી. આર. પાના નં. ૭૩૧** ઉપરની નામદાર પંજાબ અને હરિયાણા હાઇકોર્ટની ઓથોરીટી ધ્યાનમાં લેતાં પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે ઠરાવેલ છે કે, જ્યારે આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ના ગુનામાં તકસીરવાન ઠરાવી સાદી કેદની સજા કરવામાં આવે અને સજામાં દંડ ન કરેલ હોય દંડ સજાનો ભાગ ન હોય ત્યારે ચેકની ડબલ રકમ સુધીનું વળતર ફરિયાદીને અપાવવાનો હુકમ કરી શકાય.

**(૨૧).** નામદાર સુપ્રિમ કોર્ટ Criminal Appeal No.123/2021 M/S. Kalamani & Anr vs.P. Balasubramanian, date 10/02/2021 -ના ચુકાદામાં વળતર બાબત નીચે મુજબ અવલોકનો કરેલ છે. “20. As regard to the claim of compensation raised on behalf of the respondent, we are conscious of the settled principles that the object of chapter XVII of the NIA is not only punitive but also compensatory and restitutive. The provisions of NIA envision a single window for criminal liability for dishonour of cheque as well as civil liability for realisation of the cheque amount it is also well settled the there needs to be a consistent approach towards awarding

compensation and unless there exist special circumstances, the courts should uniformly levy fine up to twice".

ઉપરોકત તમામ સંજોગો અને ચેકની રકમ ધ્યાને લેતાં હાલના કેસમાં ફરીયાદીને વળતરના હુકમ પેટે ચેક રકમ ઉપરાંત ૧૦% વધુ વળતર કરવામાં આવે તે ફરીયાદીને થયેલ નુકસાન પેટે ન્યાયિક જણાય છે. આમ, ફરીયાદીનું સ્વરૂપ, ગુનાનો પ્રકાર અને રજુ થયેલા પુરાવો ધ્યાને લેતાં તેમજ ફરીયાદ પક્ષે આર્થિક નુકસાન સહન કરેલ હોય તેવું સ્પષ્ટ બનેલ છે.

**(૨૨).** આમ, ફરીયાદીનું સ્વરૂપ, ગુનાનો પ્રકાર અને રજુ થયેલા પુરાવો ધ્યાને લેતાં તેમજ ફરીયાદ પક્ષે આર્થિક નુકસાન સહન કરેલ હોય તેવું સ્પષ્ટ બનેલ છે. આ સંજોગોમાં આરોપીને ન્યૂનતમ સજા ના કરતા અને આરોપીને મહત્તમ સજા નાં કરતા આરોપીએ આ ગુનો આચર્યાનો અહેસાસ થાય તેવી સજા ફરમાવવામાં આવે તો ન્યાયનો હેતુ પાર પડે તેમ આ અદાલતનું માનવું છે.

આમ, જ્યારે ફરિયાદ પક્ષ આરોપી સામે આક્ષેપિત ગુન્હો નિ:શંકપણે સાબિત કરવામાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ- ૧૦૧ અન્વયે બોજાનું વહન કરવામાં સફળ રહે છે તેવા સંજોગોમાં મુદ્દા નંબર- ૧ નિર્ણય "હકારમાં" ઠરાવવામાં આવે છે. કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને એક વર્ષની સજા કરવી ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: આ ખ રી હુ ક મ :-

(૧). આ કામના આરોપી નામે **સીન્ધી વલીભાઈ ઈસ્માઈલભાઈ, ઉ.વ.આ.પુખ્ત, ધંધો- વેપાર, રહેવાસી :-- પોચડા, તા.બેચરાજી, જી.મહેસાણા** વાળા નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ- ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબના ગુના અન્વયે દોષિત ઠરાવવામાં આવે છે અને આરોપીને **એક (૧) વર્ષની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨). આરોપીએ ચેકની રકમ રૂા.૫૭,૫૦૦/- તથા ૧૦ % વધારાનું વળતર રૂા. ૫,૭૫૦/- મળી કુલ રૂા.૬૩,૨૫૦/- (અંકે રૂપિયા ત્રેસઠ હજાર બસો પચાસ પુરા) આ કામના ફરીયાદીને જજમેન્ટની તારીખ થી બે માસમાં વળતર તરીકે ચુકવી આપવા. જો આરોપી વળતરની રકમ બે માસમાં ચુકવવામાં કસુર કરે તો કસુર બદલ **બે માસ પુરા થયેથી વધુ છ (૬) માસની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). આ કામે આરોપીએ ચાલુ ટ્રાયલ દરમિયાન જો કોઈ કેદની શિક્ષા ભોગવી હોય તો સદર કેસનો સમય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૨૮ અન્વયે આરોપીને મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪). આ કામના આરોપીએ આ કામે વચગાળાના વળતર પેટે જો કોઈ રકમ આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલ હોય તો તેવી રકમ આ કામે કરવામાં આવેલ દંડની રકમમાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫). આજ રોજ આરોપી ગેર હાજર રહેલ હોઈ તેની ગેર હાજરીમાં CRPC 353 (6) ની જોગવાઇઓ પ્રમાણે હુકમ જાહેર કરવામાં આવેલ છે અને આરોપી ગેર હાજર રહેલ હોઇ જેથી CRPC 418 ની જોગવાઇઓ પ્રમાણે તેના વિરુધ્ધ સજા વોરંટ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬). નામદાર સુપ્રિમ કોર્ટના રાજેશ પોંડા વિરૂધ્ધ સત્યનારાયણ સિરંગમ 2019 (1) ACJ (SC) 478 ના ઠરાવ્યા પ્રમાણે આરોપી ગેર હાજર રહેલ હોઇ જેથી તેને સદર હુકમની નકલ વિનામુલ્યે નહી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૦૭** મી, માહે-**માર્ચ**, સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૦૭/૦૩/૨૦૨૬

સ્થળ - ચાણસ્મા.

**ઉમરખાન ગુલહમીદખાન પઠાણ**

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, ચાણસ્મા.

**CODE No. GJ 01574**

TS